# Prime Minister Narendra Modi and Prime Minister of Mauritius Pravind Jugnauth to jointly inaugurate the new Supreme Court Building of Mauritius

July 28, 2020

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મોરેશિયસનાં વડાપ્રધાન પ્રવિદ જુગનાથ સંયુક્ત રીતે મોરેશિયસની સુપ્રિમ કોર્ટનાં નવા બિલ્ડિંગનું લોકાર્પણ કરવાનાં છે

જુલાઈ 28, 2020

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મોરેશિયસનાં વડાપ્રધાન પ્રવિદ જુગનાથ સંયુક્ત રીતે 30 જુલાઈ, 2020 અને ગુરુવારનાં રોજ મોરેશિયસની સુપ્રિમ કોર્ટનાં નવા બિલ્ડિંગનું લોકાર્પણ કરવાનાં છે. આ લોકાર્પણ મોરેશિયસનાં ન્યાયતંત્રનાં વરિષ્ઠ સભ્યો અને બન્ને દેશોનાં અન્ય મહાનુભાવોની હાજરીમાં વિડીયો-કોન્ફરન્સથી થવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ બિલ્ડિંગનું નિર્માણ ભારતીય અનુદાન સહાયતાથી કરવામાં આવ્યું છે અને કોવિડ બાદ રાજધાની શહેર પોર્ટ સુઈસમાં ભારતની સહાયતાથી નિર્માણ પામેલ પ્રથમ ઈન્ફ્રાસ્ટ્રક્ટર પ્રોજેક્ટ હશે.

સુપ્રિમ કોર્ટનાં નવા બિલ્ડિંગનો પ્રોજેક્ટ 2016 માં ભારત સરકાર દ્વારા મોરેશિયસને આપવામાં આવેલા 353 મિલિયન યુએસ ડોલરનાં 'વિશિષ આર્થિક પેકેજ' અંતર્ગત અમલમાં મૂકવામાં આવી રહેલા પાંચ પ્રોજેક્ટ્સ પૈકીનો એક છે. આ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમાં અપેક્ષિત કરતા ઓછા ખર્ચાઓમાં પૂર્ણ થયો છે. આ બિલ્ડિંગ 4700 ચોરસ મીટર કરતા વધારે ક્ષેત્રફળમાં ફેલાયેલું છે અને 10 માળ ધરાવે છે અને 25,000 ચોરસ મીટરથી વધારે બાંધકામ ક્ષેત્રફળ ધરાવે છે. આ બિલ્ડિંગ આધુનિક ડીઝાઈન અને થર્મલ અને સાઉન્ડ ઈન્સ્યુલેશન અને હાઈ એનર્જી કાર્યદક્ષતા પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે હરિત લાક્ષણિકતાઓ પ્રદર્શિત કરે છે.

ઓક્ટોબર 2019 માં, વડાપ્રધાન મોદી અને મોરેશિયસનાં વડાપ્રધાને સંયુક્ત રીતે મોરેશિયસમાં મેટ્રો એક્સપ્રેસ પ્રોજેક્ટનાં ફેઝ-1 અને નવી ઈએનટી હોસ્પિટલનાં પ્રોજેક્ટનું સંયુક્ત રીતે લોકાર્પણ કર્યું હતું, જેઓનું નિર્માણ પણ વિશિષ આર્થિક પેકેજ અંતર્ગત કરવામાં આવ્યું હતું. મેટ્રો એક્સપ્રેસ પ્રોજેક્ટનાં ફેઝ-1 હેઠળ, 12 કિમી મેટ્રો-લાઈનનું બાંધકામ ગત વર્ષે સપ્ટેમ્બરમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું, જ્યારે 14 કિમી મેટ્રો-લાઈન સમાવતા તેનાં ફેઝ-2 નું કાર્ય ચાલું છે. ઈએનટી હોસ્પિટલ પ્રોજેક્ટ મારફત, મોરેશિયિશમાં 100 બેડની સ્ટેટ ઑફ આર્ટ ઈએનટી હોસ્પિટલનાં બાંધકામમાં ભારત દ્વારા સહાય કરવામાં આવી છે.

સુપ્રિમ કોર્ટનું નવું બિલ્ડિંગ બે દેશો વચ્ચે મજબૂત દ્વિપક્ષીય ભાગીદારીનાં ચિહ્ન તરીકે સિટી સેન્ટરમાં એક મહત્વનું સિમાચિહ્ન બનવાનું અપેક્ષિત છે.

**નવી દિલ્હી**
**જુલાઈ 28, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.